# જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના(ICDS) અંતર્ગત આઇ.સી.ડી.એસ. શાખા, મહાનગરપાલિકા સુરત દ્વારા કાર્યરત સુરત મહાનગરપાલિકા આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઇન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૦/૨૧.

આઇ.સી.ડી.એસ શાખા, મહાનગરપાલિકા <u>સુરત</u> હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતન થી નિમણૂક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઇટ http://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૦૯ | ૦૯ | ૫૨ | ૧૦૬ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઇએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઇશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઇએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઇએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩વર્ષથી વધુ ન હોવી જોઇએ.
- અરજી માટે વેબસાઇટ http://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઇન જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૧ માં તા.૧૨/૦૯/૨૦૨૦ થી ૦૨/૧૦/૨૦૨૦ (રાત્રે ૧૨.૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઇન અરજી ઉપરોકત દર્શાવેલ વેબસાઇટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે.આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત,ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઇન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર/તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે.જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવારો અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઇન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતી અને માર્ગદર્શિકા ઉપરોકત વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.
- વધુ માહિતી માટેસુરત મહાનગરપાલિકાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી(ICDS),આઇ.સી.ડી.એસ. ઘટક કચેરીનો સંપર્ક કરવો.

ડ્યુ.કમિશ્નર

સુરત મહાનગરપાલિકા.